**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના અમલ બાબત (ચોથો તબકકો)**

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સીડીએમ-૨૦૦૮-આઈબી-૮૭૯-૪૨૯-ક-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦-૦૨-૨૦૧૦

સંદર્ભઃ- નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગરના ઠરાવક્રમાંકઃ સીડીએમ-૨૦૦૮-આઈબી-૮૭૯-૪૨૯-ક-૨, તારીખઃ ૦૧-૧૦-૨૦૦૯

**પૂર્વભૂમિકા :**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ૬૦ ટકા સરકારી ફાળો અને ૪૦ ટકા લોકફાળાથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચેકડેમો બાંધવાની યોજના તાઃ૧૭.૧.૨૦૦૦ના ઠરાવથી અમલમાં મુકાયેલ, ત્યારબાદ આ યોજના રાજયના વિવિધ વિસ્તારોમાં વિસ્તારી આખા રાજયમાં અમલ કરવામાં આવેલ છે. ત્યારબાદ વખતોવખત વિવિધ તબકકે આ યોજનામાં સુધારા કરવામાં આવેલ. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ સત્તાવન હજાર ઉપરાંત ચેકડેમોના બાંધકામ થયેલ છે. આ સઘળા ચેકડેમના કારણે રાજયના વિવિધ વિસ્તારોમાં ભુગર્ભ જળના સ્તરોમાં નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે.

તાઃ૦૧.૪.૨૦૦૫ના ઠરાવથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાનો ચોથો તબકકો રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ છે, આ યોજના હેઠળ બાંધવામાં આવતા ચેકડેમોમાં રાજય સરકારનો ફાળો ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકાના ધોરણે સમગ્ર રાજય માટે એકસરખો નિયત કરવામાં આવેલ છે. તેજ રીતે ૯૦:૧૦ ના સહભાગી ધોરણે તળાવો ઉંડા કરવાની કામગીરી પણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ રીતે સહભાગીપણે ચાલતા કામોમાં જે તે કામો કરનાર પ્રાયોજક/એન.જી.ઓ. જે કામ કરતા હોય તેના બાંધકામના ટકાઉપણા અને ગુણવત્તા અંગે તેમની પણ જવાબદારી નક્કી કરવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

(૧) પ્રાયોજક/ સંસ્થા પાસેથી ગુણવત્તા બાબતે નોટરાઇઝ બોન્ડ ( ફોટા સહિત ) રજુ કરાયા બાદ જ કામનો વર્ક ઓર્ડર આપવાનો રહેશે.

(૨) યોજના હેઠળ બંધાતા ચેકડેમો પુરા થયેથી એક વર્ષમાં બાંધકામને કોઈપણ જાતનું નુકશાન થાય તો તેના મરામતની જવાબદારી પ્રાયોજક/ સંસ્થાની રહેશે. અતિ પુરમાં બાજુના માટી ધોવાણથી (કાંઠા ધોવાણ) ખેતરોને નુકશાન થાય તો તેવા કિસ્સામાં ગુણવત્તાને આધારે નક્કી કરવાનું રહેશે.

(૩) આ યોજના હેઠળ બંધાતા ચેકડેમ પુરા થયેથી જો ગુણવત્તાને લગતો "મધ્યમ " પ્રમાણપત્ર મળેલ હોય તો બે ચોમાસા દરમ્યાન ચેકડેમને કોઈપણ જાતનું નુકશાન થાય તો તેના મરામતની જવાબદારી પ્રાયોજક/ સંસ્થાની રહેશે.

(૪) આ યોજના હેઠળ બંધાતા ચેકડેમ પુરા થયેથી જો ગુણવત્તાને લગતો "મધ્યમ " પ્રમાણપત્ર મળેલ હોય તો આખરી બીલ વખતે કુલ કિંમત (સરકારી ફાળો ૮૦%) ના બિલોમાંથી ૧૫ ટકા રકમ અનામત લેખે કપાત કરી સદર વિભાગ ખાતે જમા રાખવામાં આવશે. જો બે ચોમાસા દરમ્યાન ચેકડેમને કોઈપણ જાતનું નુકશાન ન થાય અને કામ સંતોષકારક માલુમ પડે તો, બે તબક્કામાં (પ્રથમ ચોમાસા બાદ ૭.૫ ટકા + બીજા ચોમાસા બાદ ૭.૫ ટકા) રકમ પરત કરવામાં આવશે. ચેકડેમને નુકશાની થયાના બે માસમાં જો પ્રાયોજક/સંસ્થા ચેકડેમનું મરામત કામ ન કરે તો તે સંસ્થા ઉપર નીચે મુદ્દાનં.૫માં જણાવ્યા મુજબનાં પગલા લેવાના રહેશે. ચેકડેમને મળેલ "મધ્યમ " પ્રમાણપત્રને અનુલક્ષીને કપાતદરની દરખાસ્ત નિયમોનુસાર કરવાની રહેશે.

(૫) કોઇ પ્રાયોજક / એન.જી.ઓ.ને હલકી ગુણવત્તા માટે ચેતવણી અપાયા પછી પણ જો તેના દ્વારા સુધારાત્મક કામગીરી કરવામાં ન આવે તો કા.ઇશ્રી કક્ષાએ આ બાબત ની સમીક્ષા કરી,

(અ) પ્રાયોજક/ એન.જી.ઓ.ને અપાયેલ કામ રદ કરવામાં આવશે, અને કોઇ ચુકવણું કરવામાં આવશે નહીં.

(બ) સદર પ્રાયોજક/ એન.જી.ઓ ત્રણ વર્ષ સુધી કોઇ અન્ય લોકજુથના પ્રાયોજક બની શકશે નહીં.

(ક) સદર પ્રાયોજક/ એન.જી.ઓ ને બ્લેક લીસ્ટેડ કરી સંસ્થાની માન્યતા રદ કરવામાં આવશે.

(ડ) સદર પ્રાયોજક/ એન.જી.ઓને અન્ય કોઇ વિભાગમાં કામ ન સોંપવા અંગેની જાણકારી જિલ્લા કક્ષાની અન્ય કચેરી ઓ ને (કે જે એન.જી.ઓના સહયોગથી કામગીરી કરતી હોય) કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ (જળસંચય),
ન.જ.સં.પા.પુ. અને કલ્પ. વિભાગ.

પ્રતિ,

માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી,ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (જ. સં.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓ
- માનનીય અધ્યક્ષશ્રીઓ, સ.પ.સ.જ.સં. યોજના કાર્યાન્વયન સમિતિ ( ગુજ. ક્ષેત્ર / સૌ અને કચ્છ ક્ષેત્ર) , સચિવાલય, ગાંધીનગર.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

- ગુજરાત રાજયના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- સર્વે સંસદ સભ્યશ્રીઓ.
- સર્વે ધારા સભ્યશ્રીઓ.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો.
- સચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીઓ, ન, જ, પા.પૂ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજય જળસંપતિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.
- નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને ક. વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને ક. વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળસંપતિ, પાણીપૂરવઠા અને ક. વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- રાજયના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- રાજયના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉંટન્ટ જનરલ, ગુજરાત રાજય, રાજકોટ / અમદાવાદ.